Coverage Report: TCS IT Wiz – Ahmedabad Edition

**Publication:** Divya Gujarat
**Date:** 01/08/2014
**Edition:** Ahmedabad
**Page No:** 2
**Headline:** TCS, Ahmedabad edition to hold 'IT Wiz 2014' on Aug 5

# ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૪ પાંચમી ઓગષ્ટે અમદાવાદમાં યોજાશે

અગ્રણી આઈટી સર્વિસીસ, કનસલ્ટીંગ અને બિઝનેસ સોલ્યુશન કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટીસીએસ) દ્વારા તેની ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૪ પાંચમી ઓગષ્ટ, મંગળવારના રોજ રવિન્દ્રનાથ ટાગોર હોલ, પાલડી, અમદાવાદમાં યોજાશે.ધોરણ-૮ થી ૧૨ માં ભણતા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ (પ્રિ-યુનિવર્સિટી જુનિયર કોલેજના વિદ્યાર્થીઓ સહિત) ભાગ લઈ શકશે. કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી. દરેક સંસ્થાને બે સભ્યની એક એવી એકથી વધુ ટીમોને ભાગ લેવા માટે મંજૂરી આપવામાં આવશે. ટીસીએસ આઈટી વીઝ ૨૦૧૪ ભારતમાં અમદાવાદ, બેંગ્લોર, ભૂવનેશ્વર, ચેન્નાઈ, કોઈમ્બતુર, હૈદ્રાબાદ, ઈંદોર, કોચી, કોલકતા, લખનૌ, મુંબઈ, નાગપુર અને પૂના સહિતના ભારતના ૧૪ સ્થળો યોજાશે. જે તે સંસ્થાઓએ તેમના પ્રવેશપત્રો તા.૩ ઓગષ્ટ, ૨૦૧૪ પહેલાં શ્રી અંશુલ મહેતા. ટીસીએસઆઈટી વીઝ કોઓર્ડિનેટર, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ઈન્ફોટાવર-૧, ઈન્ફોસીટી, એરપોર્ટ રોડ, ગાંધીનગર-૩૮૨૦૦૯ ગુજરાત ખાતે મોકલી આપવાની રહેશે. વધુ માહિતી માટે ૦૭૯ ૬૬૭૧૨૭૦૨ ઉપરથી માહિતી મેળવી શકાશે અથવા www.tcsitwiz.com ઉપર ઓનલાઈન રજીસ્ટડ કરાવી શકાશે. તમે ટ્વીટર ઉપર અમને @TCSITWizથી ફોલો કરી શકશો. ક્વિઝ ફોર્મેટ: લેખિત પ્રિલિમ પરિક્ષામાંથી ૬ ટીમને રિજીયોનલ ફાઈનાલ્સ માટે ક્વોલિફાય કરાશે. જો એક શાળામાંથી વધુ ટીમો ફાયનલ ક્વોલિફાય થશે તો દરેક સ્કૂલની સૌથી વધુ ગુણ ધરાવતી ટીમને સ્ટેજ ઉપર બોલાવાશે. રિજીયોનલ ફાયનલના વિજેતાઓ ડીસેમ્બરમાં યોજાનાર ઈન્ટરનેશનલ ફાયનલ્સમાં સિંગાપુર અને યુએઈની ટીમ સાથે સ્પર્ધા કરશે. આ વર્ષના દરેક રિજીયોનલ ચેમ્પિયન્સને આઈપેડ એર જ્યારે રનર્સ અપને આઈપેડ મિની તથા ખાસ ડીઝાઈન કરેલી ટ્રોફી અને મેડલ્સ અપાશે. ૬ ફાયનાલિસ્ટને ટીસીએસ તરફથી વિવિધ ઈનામો અપાશે, જેમાં સ્પેસપેક, શીપર્સ, ઈયરફોન્સ, યુએસબી પેનડ્રાઈવ, સ્પીકર્સ અને અન્ય ચીજોનો સમાવેશ થશે. ટ્વીટ કરો અને માઈલેજ મેળવો: રિજીયોનલ ફાયન્લસમાં ભાગ લેનાર દરેક માટે ટ્વીટર કોન્ટેસ્ટ યોજાશે અને ટોચના બે વિજેતાને બ્લુટૂથ સ્પીકર્સ અપાશે. ટ્વીટર કોન્ટેસ્ટમાં માઈલેજ અર્નીંગ સિસ્ટમ રખાશે, જેમાં દરેક ટ્વીટને પોઈન્ટ મળશે. પિકચર-૩ પોઈન્ટ સાથેનું ટ્વીટ અને રિ-ટ્વીટસને પાંચ પોઈન્ટ મળશે. ૧૪ શહેરોમાંથી સૌથી વધુ ટ્વીટ પોઈન્ટ મેળવનારને મુંબઈની ઈન્ટરનેશનલ ટીસીએસ આઈટી વીઝની ટ્રીપ માટે વિજેતા બનશે.